# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-04-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રીય સનદી સેવા દિવસ:

સમગ્ર દેશમાં આજે "વિકસિત ભારત – નાગરિક કેન્દ્રીત શાસન અને છેવાડા સુધી વિકાસ"ની વિષયવસ્તુ હેઠળ 18-મા રાષ્ટ્રીય સનદી સેવા દિવસની ઉજવણી થઈ રહી છે. પાયાના સ્તરે સરકારની યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરાવવામાં સનદી સેવા મહત્વની ભૂમિકા ભજવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સંદેશમાં પોતાના પ્રતિભા, જ્ઞાન, પુરુષાર્થ અને કૌશલ્ય થકી રાષ્ટ્ર નિર્માણમાં શ્રેષ્ઠ યોગદાન આપી રહેલા સૌ સનદી અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

---------------------------------------------------------------------------------------

## મતદાન કેન્દ્ર પર પ્રાથમિક સુવિધાઓ:

આગામી ૨૬ મી એ યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જાહેર આરોગ્યના અધિક નિયામકે જાહેર કરેલ પરિપત્રમાં જણાવાયું છે કે ગરમીના કારણે મતદાન કેન્દ્રો તથા મત ગણતરી કેન્દ્રો પર પ્રાથમિક સારવાર કીટ અને ઓઆરએસ ઉપલબ્ધ કરાવાશે. આરોગ્ય વિભાગ દ્વારા મોબાઈલ મેડિકલ ટીમ પણ બનાવવામાં આવશે. આ અંગે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીને સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## વિવિધ જાહેરનામા:

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા જરૂરી જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે. સાંભળીએ અહેવાલ

(વોઈસ કાસ્ટ કલ્પના શાહ)

*(આગામી 26મીએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચુંટણી યોજાવાની છે,ત્યારે આદર્શ આચાર સંહિતાના અમલ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા વિવિધ પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા છે. જે અંતર્ગત સમગ્ર જિલ્લામાં વ્યક્તિઓની કોઈ મંડળી,સભા અને સરઘસ પરવાનગી સિવાય કરવા માટે મનાઈ  ફરમાવાઈ છે. આ ઉપરાંત રાત્રિના 10-00 વાગ્યાથી સવારના  8-00 વાગ્યા સુધી મંડળી, સભા અને સઘસની  પરવાનગી નહી આપવા ફરમાન કર્યુ છે. આ ઉપરાંત કોઈપણ રાજ્યકીય પક્ષો/ઉમેદવારો/કાર્યકરોએ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ ન  કરવા અને ઉપયોગ કરતા પહેલાં સક્ષમ અધિકારીની મંજુરી  મેળવવાની રહેશે. રાત્રિના 10-00 થી સવારના 8-00 સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.  ફરતા વાહન પર લાઉડ સ્પીકર વગાડવા માટે સક્ષમ અધિકારીની મંજુરી મેળવીને જ તેનો ઉપયોગ  કરવા જણાવાયુ છે. આ જાહેરનામાનો અમલ આગામી 30મી અપ્રિલ સુધી કરવાનો રહેશે. નિયમોનો ભંગ કરનાર શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે)*

*કલ્પના શાહ, આકાશવાણી સમાચાર, ભુજ*

---------------------------------------------------------------------------------------------

## મતદાર જાગૃતિ :

૨૬ એપ્રિલે યોજાનાર મતદાન અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે  ભચાઉના શ્રી નવચેતન વૃદ્ધાશ્રમ ખાતે યોજાયેલા મતદાન જાગૃતિ કાર્યક્રમમાં ૭૬થી વધુ વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો. જેમાં વડીલોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અચૂક મતદાન કરવા વિશે

માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ આ વરિષ્ઠ નાગરિકોએ ફરજિયાત મતદાન કરવા માટે શપથ પણ લીધા હતા.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી પરીક્ષાઓ પુર્ણ :

કચ્છ યુનિવર્સિટી દ્વારા યોજાયેલી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની તમામ મુખ્ય પરીક્ષાઓ પૂર્ણ થઈ છે. નવી શિક્ષણ નીતિ મુજબ યોજાયેલી આ પરીક્ષાના તમામ પેપરો પૂર્ણ થતા વિદ્યાર્થીઓમાં વેકેશનનો હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે. યુનિવર્સિટી પ્રશાસન હવે ઝડપથી પરિણામ જાહેર કરવાના એક્શન મોડમાં આવી ગયું છે. હાલમાં ભુજ અને આદિપૂર કેન્દ્ર પર પેપર ચકાસણીની કામગીરી શરૂ કરી દેવાઈ છે અને મે મહિનાના અંત સુધીમાં તમામ પરિણામો જાહેર થાય તેવી શક્યતા છે. બોર્ડના પરિણામ પણ મે મહિનામાં આવતા કોલેજોમાં નવા પ્રવેશની કામગીરી થશે.

દરમ્યાન, આજથી 1 મે દરમિયાન જૂની પેટર્નના અંડર ગ્રેજ્યુએટ કોર્સના આશરે 400 જેટલા રિપીટર વિદ્યાર્થીઓ માટે પરીક્ષા શરુ થઇ છે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવી-ટ્રાફિક સમસ્યા :

બંદરીય માંડવી શહેરમાંથી પસાર થતો નેશનલ હાઇવે હવે લોકો માટે મુશ્કેલીરૂપ સાબિત થઈ રહ્યો છે. આ વ્યસ્ત માર્ગ પર પાંચથી વધુ શાળાઓ અને હોસ્પિટલો આવેલી હોવા છતાં ભારે વાહનો બેફામ ગતિએ દોડવાના કારણે દરરોજ અકસ્માતનો ભય તોળાતો રહે છે.

તાજેતરમાં જ બનેલી હૃદયદ્રાવક ઘટનામાં એક પરણિત યુવતીનું કમકમાટીભર્યું મોત થયું હતું. ઘટનાને પગલે શહેરના 78 જેટલા સમાજો, સંસ્થાઓ અને ટ્રસ્ટોએ એકજૂટ થઈ જીલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

માંડવી લાયજા માર્ગ પર આવેલી એક શાળામાં આશરે 1200 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. રોજિંદા સમયમાં ભારે ટ્રકોની અવરજવર ચાલુ રહેતા વિદ્યાર્થીઓના જીવન પર સતત

જોખમ મંડરાય છે. આ ઉપરાંત, આવેદનમાં માંડવી લાયજા બાયપાસ રોડની કામગીરી તાત્કાલિક શરૂ કરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને શહેરની અંદર સવારે 7 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ભારે વાહનોના પ્રવેશ પર કડક પ્રતિબંધ મૂકવામાં આવે તેવી માંગણી પણ કરાઇ છે.

-----------------------------------------------------------------------------------------

## રેલડી-રેલવે ઓવરબ્રિજ :

જીલ્લાના સૌથી વ્યસ્ત ગણાતા ભુજ-અંજાર નેશનલ હાઇવે પર રેલડી પાસે બની રહેલા રેલવે ઓવરબ્રિજની લાંબા સમયથી રાહ જોઈ રહેલા વાહનચાલકો માટે રાહતના સમાચાર આવ્યા છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના પ્રોજેક્ટ ડાયરેક્ટરે સત્તાવાર વિગતો આપતા જણાવ્યું છે કે, આ ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે અને દિવાળી સુધીમાં તેને સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવશે, જેનાથી વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

વર્તમાન સ્થિતિમાં રેલડી પાસે આવેલા સાંકડા રેલવે ફાટકને કારણે વાહચાલકો અત્યંત હાલાકી ભોગવી રહ્યા છે. ટ્રેન પસાર થતી વખતે ફાટક બંધ થતાં જ હાઈવેની બંન્ને બાજુ વાહનોની લાંબી  કતારો લાગી જાય છે. આ સ્થિતિને કારણે એમ્બ્યુલન્સ,નોકરીયાત વર્ગ અને માલવાહક વાહનો કલાકો સુધી અટવાયેલા રહે છે. જોકે  આ પ્રોજેક્ટ  આગળ વધી રહ્યો હોવાથી  ટુંક સમયમાં જ લોકોને  આ સાંકડા ફાટક અને દૈનિક જામમાંથી મુક્તિ મળશે.

-----------------------------------------------------------------------------------------